## સંક્ષિપ્ત સમાચાર

### માંડવીમાં બે બાઇક અથડાતાં એક ઘાયલ



હિતેશ પટેલ

માંડવી: માંડવીના લીમ્ધા ગામના સ્ટેશન નજીક બે બાઇક વચ્ચે અકસ્માત થયો હતો. આંબાપુર ગામના રહેવાસી સંજયભાઈ વસાવાએ માંડવી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે, તેમના ૫૨ વર્ષીય પિતા દિવેલીયાભાઈ શંકરભાઈ વસાવા પોતાની હીરો સ્પ્લેન્ડર બાઇક નં.(GJ-19-BC-1533) લઈ જઈ રહ્યા હતા. દરમિયાન સામેથી આવતી એક કાળા કલરની સ્પ્લેન્ડર બાઇક નં.(GJ-26-H-7171)ના અજાણ્યા ચાલકે વાહન પૂરઝડપે હંકારી દિવેલીયાભાઈને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં દિવેલીયાભાઈને ગંભીર ઇજા થઈ છે.

### તાતીથૈયામાં થયેલી ઘરફોડ ચોરીનો સામાન વેચવા જતાં બે રીઢા ઝડપાયા

પલસાણા: ચાર દિવસ પહેલાં તાતીથૈયા ગામની સીમમાં આવેલી શિવાંજલી રેસીડેન્સી, શિવ-૨ સોસાયટીના એક મકાનમાંથી રાત્રિ દરમિયાન ચોરી થઈ હતી. આ ચોરીનો સામાન વેચવા માટે બે ઇસમ કડોદરા ચાર રસ્તા તરફ આવી રહ્યા હોવાની બાતમી મળતા પોલીસે કડોદરા ચાર રસ્તા આજુબાજુ વોચ ગોઠવીને બંને શખ્સને ઝડપી લીધા હતા. પકડાયેલા આરોપીઓમાં ૨૦ વર્ષીય દીલીપ દીવાકર પ્રસાદ (હાલ રહે., સોનીપાર્ક-૨, તા. પલસાણા, જિ. સુરત, મૂળ રહે., રામનગર, ચુરહાટ, જિ. સીદી, મધ્યપ્રદેશ) અને મજૂરી કામ કરતો ૨૨ વર્ષીય અભિષેક પ્રદીપ શર્મા (હાલ રહે., રોશન કોમ્પ્લેક્સ, તા. પલસાણા, જિ. સુરત, મૂળ રહે., રસદાન, જિ. કાનપુર, ઉત્તર પ્રદેશ)નો સમાવેશ થાય છે. પોલીસે પકડાયેલા આરોપી પાસેથી રૂપિયા ૧૭,૦૦૦ ની કિંમતના બે મોબાઈલ ફોન, રૂપિયા ૧૨,૦૦૦ની રોકડ રકમ મળી કુલ રૂપિયા ૩૦,૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

### અમલસાડીના દિવ્યજ્યોતિ ટ્રસ્ટને એવોર્ડ એનાયત




હિતેશ પટેલ

માંડવી: અમલસાડી સ્થિત દિવ્યજ્યોતિ ટ્રસ્ટને તેના અદ્યતન, પર્યાવરણલક્ષી કેમ્પસના નિર્માણ બદલ પ્રતિષ્ઠિત '13th ICEA-UltraTech આઉટસ્ટેન્ડિંગ કોંક્રીટ સ્ટ્રક્ચર એવોર્ડ-2026'થી નવાજવામાં આવી છે. આ એવોર્ડ બાંધકામ ક્ષેત્રે ઉત્કૃષ્ટતા, નવીનતા અને ગુણવત્તાના ઉચ્ચ ધોરણોને માન્યતા આપવા માટે એનાયત કરવામાં આવે છે. સંસ્થાના ટ્રસ્ટીઓએ જણાવ્યું હતું કે, આ સન્માન માત્ર એક એવોર્ડ નથી, પરંતુ દિવ્યજ્યોતિ ટ્રસ્ટ સાથે જોડાયેલા તમામ દાતાઓ, શુભેચ્છકો, ટ્રસ્ટીઓ, તબીબો, કર્મચારીઓ અને સ્વયંસેવકોના નિરંતર પરિશ્રમ, સમર્પણ અને અતૂટ વિશ્વાસનું પરિણામ છે. આ કેમ્પસ આજે આરોગ્ય, શિક્ષણ, તાલીમ અને સામાજિક કલ્યાણના ક્ષેત્રમાં એક પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે. આ સિદ્ધિ બદલ ટ્રસ્ટ પરિવારે આર્કિટેક્ટ્સ, સ્ટ્રક્ચરલ કન્સલ્ટન્ટ્સ, એન્જિનિયરો, કોન્ટ્રાક્ટરો અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ ટીમ સહિત બાંધકામ કાર્યમાં સીધી કે આડકતરી રીતે જોડાયેલા તમામ વ્યક્તિઓ અને સંસ્થાઓનો આભાર માન્યો હતો.

### બારડોલીના ખોડિયાર નગરમાં રસ્તો ખોધા બાદ ડામર કામ ન થયું



બારડોલી: બારડોલીના ગાંધી રોડ પર આવેલ ખોડિયાર નગર સોસાયટીમાં છેલ્લા 6 માસથી ખોદેલા ડામર રોડનું સમારકામ નહીં થતાં નગરપાલિકા ચીફ ઓફિસરને રજૂઆત કરવામાં આવી છે. ચોમાસુ નજીક હોય અધૂરી કામગીરીને કારણે સોસાયટીમાં કીચડ ફેલાવવાની સંભાવનાને લઈને લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ખોડિયાર નગરના રહીશોએ કરેલી ફરિયાદમાં જણાવ્યા અનુસાર તેમની સોસાયટીમાં છ મહિનામાં અનેક જગ્યાએ રોડ ખોદી અજાણી એજન્સી કામ કરીને જતી રહી છે. ત્યાં હાલ માટી પુરાણ કર્યું છે. પરંતુ ડામર કામ નહીં થતાં વરસાદી સિઝનમાં ભૂવા પડવાનું જોખમ ઊભું થાય છે. જેને લઈને સોસાયટીનાં બાળકો અને વૃદ્ધો માટે અહીંથી પસાર થવું મુશ્કેલ થઈ ગયું છે. એટલું જ નહીં ચોમાસામાં કાદવ કીચડ થવાથી સ્થિતિ વધુ ખરાબ થઈ શકે એમ છે.

### બારડોલીની સરદાર સ્મારક હોસ્પિટલમાં PMJAY યોજનાનો પ્રારંભ

બારડોલી: બારડોલી અને આસપાસના વિસ્તારના નાગરિકો માટે આરોગ્ય ક્ષેત્રે એક ખૂબ જ રાહતરૂપ સમાચાર સામે આવ્યા છે. સ્ટેશન રોડ પર આવેલી પ્રતિષ્ઠિત સંસ્થા શ્રી સરદાર સ્મારક હોસ્પિટલ ખાતે આયુષ્યમાન પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY) નો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. આ મહત્ત્વપૂર્ણ યોજનાનું લોકાર્પણ ૧૯ જૂન-૨૦૨૬, શુક્રવારના રોજ બારડોલીના ધારાસભ્ય અને પૂર્વ કેબિનેટ મંત્રી ઈશ્વરભાઈ પરમારના હસ્તે કરવામાં આવ્યું હતું. આ યોજના અમલમાં આવતાની સાથે જ પીએમજેએવાય કાર્ડ ધરાવતા સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારોને દર વર્ષે પરિવારદીઠ રૂપિયા ૧૦ લાખ સુધીની કેશલેસ અને તદન મફત સારવારનો લાભ મળશે. આ પ્રસંગે હોસ્પિટલના પ્રમુખ ભીખુભાઈ પટેલ, સહમંત્રી રાજેશભાઈ પટેલ, અગ્રણી અરવિંદભાઈ પટેલ (કરચકા) સહિત હોસ્પિટલના ટ્રસ્ટીઓ, સંચાલકો અને વિસ્તારના અનેક અગ્રણી આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### પીપોદરા ગામે શાળાના ઓરડાનું ઉદઘાટન



ઈબ્રાહીમ કાનુ

હથોડા: પીપોદરાની શાળામાં તૈયાર કરવામાં આવેલ શાળાના ઓરડાનું બાંધકામ પૂર્ણ થતાં લોકાર્પણ કાર્યક્રમ તેમજ પીપોદરા વિસ્તારની જનતાના સરકારી કામકાજને લગતા કાગળનો સુધારો વધારો કરવા માટે જનકલ્યાણ કાર્યક્રમ ધારાસભ્ય ગણપત વસાવાના હસ્તે યોજવામાં આવ્યો હતો, જેમાં માંગરોના મામલતદાર, ટીડીઓ, ભાજપના કાર્યકરો અને ગ્રામજનોએ મોટી માત્રામાં હાજરી આપી હતી.

### વાલોડમાં ગાંજા સાથે એક ઝડપાયો

વાલોડ: વાલોડના પુલ ફળિયામાંથી એસઓજીએ ગાંજાના જથ્થા સાથે એક આરોપીને ઝડપી પાડ્યો હતો. અબ્દુલ કાદિર ઉર્ફે કાલિયો હુસેન બાંગીના ઘરમાંથી 7700નો ગાંજો સહિત વિવિધ મુદ્દામાલ મળી કુલ રૂ.13730નો જથ્થો કબજે કરી સુરતના અશ્વિનીકુમાર રેલવે પતરી ખાતે રહેતા અજીત શાહુને વોન્ટેડ જાહેર કરી વાલોડ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# માંગરોળનાં ૭ ગામમાં વીજ દરોડા રૂ.48.64 લાખની વીજચોરી ઝડપાઈ

**45** ગાડીના કાફલા સાથે 135નો સ્ટાફ કામગીરીમાં જોતરાયો

**૧૨૬૦** જેટલાં કનેક્શન તપાસ્યા, વીજચોરોમાં ફફડાટ





વિનોદ મૈસુરીયા

વાંકલ: માંગરોળ તાલુકામાં લાઈનલોસ હોવાની વ્યાપક ફરિયાદો ઊઠ્યા બાદ દક્ષિણ ગુજરાત વીજ કંપની એક્શન મોડમાં આવી છે. બરોડા વિજિલન્સ વિભાગના નેતૃત્વ હેઠળ શુક્રવારે વહેલી સવારે ૫ વાગ્યે આકસ્મિક દરોડા પાડી વીજચોરો સામે એક મોટું મેગા ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. આ ગુપ્ત ઓપરેશનમાં બરોડા, સુરત, ભરૂચ અને વલસાડ સહિતના વિવિધ જિલ્લાની વિજિલન્સ ટીમો સંયુક્ત રીતે જોડાઈ હતી. ઉચ્ચ અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ ૧૩૫ ટીમનો સ્ટાફ ૪૫ ગાડીના કાફલા સાથે સવારે જ ફિલ્ડમાં ઊતરી પડ્યો હતો. સ્થાનિક સ્તરે કોઈને ગંધ ન આવે તે રીતે આયોજન કરાયું હતું. કોઈ ઘર્ષણ કે અનિચ્છનીય બનાવ ન બને એ માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો.

ટીમોએ આંબાવાડી, મોસાલી, ગીજરમ, માંગરોળ, સીમોદ્રા અને રણકપોર સહિતનાં ગામોને ધમરોળી નાંખ્યાં હતાં. પોલીસ પ્રોટેક્શન સાથે હાથ ધરાયેલા આ સઘન ચેકિંગ દરમિયાન અધિકારીઓએ કુલ ૧૨૬૦ જેટલા વીજ કનેક્શનોની ઝીણવટભરી તપાસ કરી હતી, જેમાંથી ૭ ગામના કુલ ૬૬ સ્થળેથી આશરે રૂ.૪૮.૬૪ લાખની મસમોટી વીજચોરી ઝડપાઈ હતી.

વીજ કંપનીના આ 'સર્જિકલ સ્ટ્રાઈક'થી ગેરકાયદે વીજ વપરાશ કરતાં તત્ત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. તમામ ઝડપાયેલા વીજચોરો સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ટીટોઈમાં મોટરના વાયર ચોરી સળગાવીને તાંબુ કાઢવા ચોરનો પ્રયાસ



હિતેશ પટેલ

માંડવી: માંડવીના ટીટોઈ ગામમાં છેલ્લા કેટલાક સમયથી ખેડૂતોની ખેતીવાડીની મોટરના વાયરો ચોરાવાની ઘટનાઓએ માઝા મૂકી છે, જેને પગલે જગતના તાત સમાન ખેડૂતોમાં ભારે રોષ અને અસંતોષ ભભૂકી ઊઠ્યો છે.

માંડવીના ટીટોઈ ગામની સીમમાં વહેલી સવારે કેટલાક જાગૃત ગ્રામજનોએ એક શંકાસ્પદ ઈસમને ખેતરના મોટરના વાયરો સળગાવતો જોયો હતો. આ શખ્સ ચોરી કરેલા વાયરોને સળગાવી તેમાંથી કીમતી તાંબુ અલગ કરવાનો કારસો રચી રહ્યો હતો. ગ્રામજનોને શંકા જતાં તેઓ તુરંત તે શખ્સને પકડવા તેની તરફ દોડી ગયા હતા. જો કે, લોકોના ટોળાને પોતાની તરફ આવતું જોઈ ગભરાયેલો તસ્કર ચોરેલા વાયરો ત્યાં જ સળગતી હાલતમાં પડતા મૂકીને ઘટનાસ્થળેથી પલાયન થઈ ગયો હતો. આ ઘટના બાદ ખેડૂતોની ધીરજ હવે ખૂટી રહી છે. અવારનવાર થતી વાયર ચોરીથી માત્ર આર્થિક નુકસાન જ નહીં, પરંતુ સિંચાઈ ખોરવાતા ખેતીકામ પર પણ માઠી અસર પડી રહી છે. રોષે ભરાયેલા ખેડૂતો અને ગ્રામજનોએ રાત્રિના સમયે પોલીસ પેટ્રોલિંગ સઘન બનાવવાની માંગ કરી છે.

# નંદુરબારમાં સ્પિરિટમાંથી નકલી દારૂ બનાવતી ફેક્ટરી ઝડપાઈ

**રૂ.૧૦.૧૭** લાખના મુદ્દામાલ સાથે એકની અટકાયત



સોનગઢ: મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લા પોલીસ વડા અશ્વિની સાનપના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે એક મોટી અને સફળ કાર્યવાહી કરીને ગેરકાયદે રીતે નકલી દેશી દારૂ બનાવતી ફેક્ટરીનો પર્દાફાશ કર્યો છે. પોલીસે દરોડો પાડી કુલ ૧૦,૧૭,૫૦૦ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે અને ઘટના સ્થળેથી એક આરોપીની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે.

ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. હેમંત પાટીલને બાતમી મળી હતી કે, મ્હસાવદ પોલીસ મથકની હદમાં આવેલા જુગની ગામના દુગલીબારી પાડામાં સ્પિરિટનો ઉપયોગ કરીને મોટા પાયે નકલી દેશી દારૂ બનાવવામાં આવી રહ્યો છે. બાતમી મળતાની સાથે જ એક વિશેષ પોલીસ ટીમ તૈયાર કરી તાત્કાલિક દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસ ટીમે જ્યારે બાતમીવાળા નળિયાવાળા ઘરની ઘેરાબંદી કરી, ત્યારે ત્યાંથી સ્પિરિટની તીવ્ર ગંધ આવી રહી હતી. બારીમાંથી જોતા એક ઇસમ બોટલોમાં દારૂ ભરી રહ્યો હતો. પોલીસે તરત જ ઘરમાં પ્રવેશીને આરોપી લક્ષ્મણ પાડવી (ઉં.વ.૩૧) (રહે.,તલાવડી, જિ.નંદુરબાર) ને રંગેહાથ ઝડપી લીધો હતો. પોલીસે ઘટના સ્થળેથી ૧,૫૬,૦૦૦ રૂપિયાની કિંમતનો ટેંગો પંચ નકલી દેશી દારૂનાં ૩૯ બોક્સ, ૪૫,૦૦૦ રૂપિયાની કિંમતનું ૧૫૦ લીટર સ્પિરિટ, ૧,૦૦,૦૦૦ રૂપિયાની કિંમતનું બોટલ પેકિંગનું ઇલેક્ટ્રિક મશીન, ૭,૦૦,૦૦૦ રૂપિયાની કિંમતનું બોલેરો પિકઅપ વાહન નં.(એમ.એચ. ૩૯ જે.૦૯૪૪) અને ૧,૧૬,૫૦૦ રૂપિયાની કિંમતની અન્ય કેમિકલ સામગ્રી મળી કુલ ૧૦.૧૭ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપી વિરુદ્ધ મ્હાસાવદ પોલીસ મથકે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### લવાછા ગામે વોશરૂમમાં ઝેરી જીવજંતુ કરડી જતાં મહિલાનું મોત

સાયણ: ઓલપાડના લવાછા ગામે વોશરૂમ જવા માટે ઘરના વાડામાં ગયેલી મહિલાને ઝેરી જીવજંતુ કરડી જતાં તેણીનું મોત થયું છે.

લવાછા ગામે ટેકરા ફળિયામાં ભદ્રેશ જયંતીભાઈ પટેલ પરિવાર સાથે રહે છે. ઘરકામ કરતી તેમની પત્ની રશ્મીબેન (ઉં.વ.૨૮) શુક્રવારે વહેલી સવારે ઘરના વાડાના ભાગે આવેલા વોશરૂમમાં વોશરૂમ જવા માટે ગઈ હતી. તે સમયે રશ્મીબેન પટેલના પગમાં વોશરૂમ પાસે કોઈ ઝેરી જીવજંતુ કરડી ગયું હતું.

રશ્મીબેનને પગના તળિયાના ભાગે લોહી નીકળતા ચક્કર આવવાથી તેણીને સારવાર અર્થે સુરત શહેરની નવી સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. જ્યાં ફરજ પરના ડોક્ટરે તેણીને મૃત જાહેર કરી હતી. ઓલપાડ પોલીસે આ બાબતે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# બારડોલીના આફવાની યુવતી સાથે રૂ.૨ લાખની છેતરપિંડી

**ફેસબુક** પર ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી આઈફોન-પાઉન્ડની કીમતી ગિફ્ટની લાલચ આપી ઠગાઈ કરી

બારડોલી: આફવા ગામની ૨૭ વર્ષીય યુવતી ભાવિકાબેન ત્રિવેદી ઓનલાઈન સાયબર ફ્રોડનો ભોગ બનતાં તેણે ૨,૦૦,૦૨૦ ગુમાવવાનો વારો આવ્યો છે.

ગત ૩ જૂન, ૨૦૨૬ના રોજ ભાવિકાબેનના ફેસબુક આઈડી પર 'DrKelvin Peter' નામના એકાઉન્ટ પરથી ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. આ ઈસમે પોતે જર્મનીનો વતની અને હાલ લંડનમાં નોકરી કરતો હોવાનું જણાવી યુવતીનો વિશ્વાસ જિત્યો હતો અને ત્યારબાદ બંને વચ્ચે વોટ્સએપ પર વાતચીત શરૂ થઈ હતી. ૮ જૂનના રોજ કથિત ડોક્ટરે આઈફોન, ગોલ્ડ જ્વેલરી અને ૭૫,૦૦૦ બ્રિટિશ પાઉન્ડ ભરેલી ગિફ્ટનો ફોટો મોકલી, તે પાર્સલ ભારત મોકલ્યું હોવાનું જણાવ્યું હતું. પાર્સલ છોડાવવાના બહાને કુરિયર ચાર્જના ૩૫,૦૦૦ યુવતી પાસે ઓનલાઈન ભરાવ્યા હતા. ત્યારબાદ નવી દિલ્હી એરપોર્ટ કસ્ટમ ઓફિસર તરીકે ઓળખ આપતી એક અજાણી મહિલાનો ફોન આવ્યો હતો અને તેણે પાર્સલમાં વિદેશી નાણું હોવાનું કહી કસ્ટમ ડ્યૂટી પેટે ૧,૬૫,૦૨૦ની માંગણી કરી, જે યુવતીએ RTGS મારફતે ટ્રાન્સફર કર્યા હતા. ૧૦ જૂનના રોજ નાણાંને ભારતીય રૂપિયામાં કન્વર્ટ કરવા વધુ ૩૬.૫૦ લાખની માંગણી કરાતાં યુવતીના ભાઈ જતીનને આ અંગે ખબર પડી હતી. ભાઈએ તાત્કાલિક આ સાયબર ફ્રોડ હોવાનું સમજાવી વધુ નાણાં ભરતા અટકાવ્યાં હતાં. યુવતીએ પોતાના રૂપિયા પાછા માંગતા ગઠિયાએ આપઘાતની ધમકી આપી ફોન બંધ કરી દીધો હતો. આખરે છેતરાયાનો અહેસાસ થતાં યુવતીએ ૧૮ જૂને બારડોલી રૂરલ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

# કીમ, વડોલી, કુડસદ સહિતના વિસ્તારોમાં વરસાદથી ઠંડક પ્રસરી



કિરણ ઢોડિયા

કીમ: સુરત જિલ્લામાં કીમ, કુડસદ, કઠોદરા, કિમામલી, વડોલી, કન્યાસી સહિતના વિસ્તારોમાં પવન સાથે વરસાદ શરૂ થયો હતો. લાંબા સમયથી વરસાદની રાહ જોઈ રહેલા લોકો માટે આ વરસાદ રાહતરૂપ બન્યો છે. વરસાદ શરૂ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. બીજી તરફ ખેડૂતો માટે આ વરસાદ આશીર્વાદ સમાન સાબિત થયો છે. વાવણીલાયક વરસાદની શરૂઆત થતાં ખેડૂતોએ ખેતીની કામગીરી શરૂ કરવાની તૈયારીઓ તેજ કરી છે.

# હથોડાના યુવાનને ખોટા કેસમાં ફસાવ્યાની સુરત SPને રજૂઆત

**ગાડી** શો-રૂમમાં હોવા છતાં એક જ સમયે ત્રણ મેમો ફાડ્યા હતા

**સમાધાન** ન કરતાં નિર્દોષ યુવાનને જેલભેગો કરી દીધો હતો

**બદલી** થઈ ગઈ હોવા છતાં જમાદારને કોસંબા પોલીસે કેમ છૂટો ન કર્યો?

હથોડા: પોલીસ કર્મી સામે ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરવાની અદાવત રાખીને કોસંબા પોલીસે એક નિર્દોષ યુવાનને ખોટા કેસમાં સંડોવી જેલભેગો કર્યો હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. હથોડા ગામના ભોગ બનનાર યુવાન ઈમ્તિયાઝ યુસુફ સરદારે સુરત જિલ્લા પોલીસ વડાને રૂબરૂ મળીને ન્યાય માટે ધારદાર રજૂઆત કરી છે.

ઈમ્તિયાઝ સરદારની ઈકો ગાડી શો-રૂમમાં હોવા છતાં, કીમ ચાર રસ્તા ખાતે ફરજ બજાવતા ટ્રાફિક જમાદાર નિલેશભાઈ શિમ્પીએ મનમાની ચલાવીને એક જ તારીખે અને એક જ સમયે ત્રણ મેમો ફાડી દીધા હતા. આ અન્યાય સામે ઈકો ચાલકે પુરાવા સાથે ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરી હતી. તપાસ દરમિયાન જમાદાર સામે પગલાં લેવાના ભણકારા વાગતાં, ટ્રાફિક જમાદાર અને કોસંબાના પી.આઈ. ખાચરે યુવાન પર સમાધાન કરવા ભારે દબાણ કર્યું હતું. જો કે, યુવાને ઝૂકવાનો ઈનકાર કરી દીધો હતો. સમાધાન ન થતાં, હથોડામાં બનેલા એક કમનસીબ બનાવમાં યુવાનની કોઈ જ સંડોવણી ન હોવા છતાં, ટ્રાફિક જમાદાર અને પી.આઈ. ખાચરે તકનો લાભ લઈ કિન્નાખોરી રાખી હતી. તેમણે ઈકો ચાલકની ધરપકડ કરી તેને જેલમાં ધકેલી દીધો હતો, જેના કારણે યુવાનને ગંભીર આર્થિક અને સામાજિક નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. પોલીસની આ જોહુકમીને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે હાહાકાર મચી ગયો છે. હાલમાં જ જેલમાંથી બહાર આવેલા ઈમ્તિયાઝે સુરત જિલ્લા પોલીસ વડાને જણાવ્યું કે, ટ્રાફિક જમાદાર નિલેશ શિમ્પીની આઠ દિવસ પહેલાં કોસંબાથી ડીએસપી ઓફિસ ખાતે બદલી થઈ ગઈ છે. આમ છતાં, કોસંબા પોલીસે હજી સુધી તેમને છૂટા કર્યા નથી. બદલી થઈ હોવા છતાં જમાદાર તે જ વિસ્તારમાં ફરજ બજાવી રહ્યા છે. યુવાને આશંકા વ્યક્ત કરી છે કે આ જ માર્ગ પર તેની રોજિંદી અવરજવર હોવાથી જમાદાર ખાખી વર્દીના જોરે તેને વધુ હેરાન કરી શકે છે. સુરત જિલ્લા પોલીસ વડાએ સમગ્ર મામલે યોગ્ય તપાસ કરાવી ન્યાય આપવાની ખાતરી આપી છે.

### વ્યારામાં બ્યુટિફિકેશનની કામગીરીમાં વેઠ ઉતારતાં ફરિયાદ

વ્યારા: વ્યારા નગર પાલિકામાં બ્યુટિફિકેશનની કામગીરીમાં નબળી કક્ષાના મટિરિયલનો ઉપયોગ કરી કોન્ટ્રાક્ટર દ્વારા કામગીરીમાં મોટાપાયે ગેરરીતિ આચરવામાં આવી હોવાની બૂમરાણ ઊઠી છે. વ્યારા નગરમાં વોર્ડ નં.7માં રામજી મંદિરના ગેટથી જનક સ્મારક હોસ્પિટલ સુધી બ્યુટિફિકેશનની કામગીરીમાં નબળી કક્ષાના મટિરિયલનો ઉપયોગ થયો હોવાનું સત્તા પક્ષ ભાજપના કોર્પોરેટર વિપુલ ભથવારને ધ્યાનમાં આવતાં ખુદ સત્તા પક્ષ ભાજપના કોર્પોરેટરે વ્યારા નગર પાલિકામાં બ્યુટિફિકેશનની કામગીરીમાં ગેરરીતિ ઉઘાડી પાડતાં કોર્પોરેટરે પાલિકાના ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરી હતી. નબળી કામગીરીને લઈ બ્લોકને તાત્કાલિક કાઢી નવા બ્લોક બેસાડવા સહિત લાઈન લેવલમાં કામગીરી કરાવવા માંગ કરી છે.

## ભરૂચમાં વિકસિત ભારત સંકલ્પ સંમેલન

ભરૂચ: ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને ભરૂચ જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે આજે ઝાડેશ્વર સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે 'વિકસિત ભારત સંકલ્પ સંમેલન' અંતર્ગત "પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ -વ- કૃષિ પ્રદર્શન"નું આયોજન કરાયું. આ કાર્યક્રમમાં ભરૂચ જિલ્લાના મોટી સંખ્યામાં ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

### પલસાણા હાઈવે પર અજાણ્યા વાહનની ટક્કરે આધેડનું મોત

પલસાણા: મૂળ ઝારખંડના વતની અને હાલ પલસાણાના ઈટાળવા ગામની સૂર્યાંસી સોસાયટીમાં રહેતા ૫૭ વર્ષીય યદુ બ્રુક્ષ રામ ગુરુવારે સાંજે હાઈવે ક્રોસ કરી રહ્યા હતા. આ દરમિયાન ભાગ્યશ્રી લોજીસ્ટીક કંપની સામે, હજીરાથી ધુલિયા તરફ જતાં ટ્રેક પર એક અજાણ્યા વાહનચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. આ ભયાનક અકસ્માતમાં આધેડને ગંભીર ઈજાઓ થતાં તેમનું જ મોત થયું હતું.


Milano MULTIPLEX

બારડોલી

Cocktail 2
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 10:00pm

Jindagi Once More
Gujarati 02:00pm, 05:00pm, 09:30pm

Toy Story 5-Hindi
11:00am

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333



**PANJ ENVIRONMENTS PRIVATE LIMITED**
Registered Office: 201(A), Sankalp Complex, Opp. Pandit Omkarnath Thakur Hall, Bharuch – 392011, Gujarat

**Plant Location: Survey No. 104/8, GIDC Palej, Bharuch, Gujarat**

**TENDER NOTICE**
Tender Reference No.: PEPL/TN/001/2026

**PANJ Environments Private Limited** invites sealed tenders from eligible and experienced contractors, manufacturers, suppliers, and service providers for the establishment of an E-Waste Recycling Plant at Survey No. 104/8, GIDC Palej, Bharuch, Gujarat.

1. Part A – Plant & Machinery
2. Part B – Electrical Works, Civil Works, Fabrication Structures & Utilities

- Tender Issue Date : 20-06-2026
- Last Date for Submission : 28-06-2026
- Submission Time : Up to 12:00 PM
- Tender Opening Date : 02-07-2026

**Note:** "It will be mandatory for every agency to obtain a site visit certificate."
Contact Person : **Mr. Parth Patel**
**Email:** parth@panj.co.in, nikhil@panj.co.in | Mo. 98250 88410, 98980 48131

**PANJ Environments Private Limited**
201(A), Sankalp Complex, Opp. Pandit Omkarnath Thakur Hall, Bharuch – 392011, Gujarat

The company reserves the right to accept or reject any or all tenders.



**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, પલસાણા સબ-ડીસ્ટ્રીકટના મોજે ગામ: **ચલથાણ**ના બ્લોક નંબર: ૧૦ વાળી બિનખેતીની જમીન જે સ્વસ્તિક નગર ના નામથી ઓળખાય છે તેમાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર: ૨૬૮** વાળી મિલકત

સદરહુ મિલકતના માલીક **ઉષાબેન દલપતભાઈ પટેલ** એ પોતાની માલીકીની તથા શાંત અને પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટ, વપરાશ હેઠળનું હોવાનું જણાવી હમો પાસે તે મિલ્કતના ટાઈટલ ચોખ્ખા હોવાનું સર્ટીફીકેટની માંગણી કરેલ છે.

પરંતુ તેઓથી સદરહુ મિલકતના નીચે જણાવેલ અસલ રજિ. વેચાણ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન રસીદ તેમના કબજા, ભોગવટામાંથી કયાંક ગુમ યાને ગેરવલ્લે થયેલ છે અને તે ખુબ ખુબ શોધવા છતાં તેમને મળી આવેલ નથી . તે સંજોગોમાં સદરહુ અસલ દસ્તાવેજ તથા રજીસ્ટ્રેશન રસીદ કોઈપણ બેંક યા નાણાકીય સંસ્થા યા વ્યકતીના કબજામાં હોય યા સદરહુ મિલકત પર કોઈના કોઈપણ પ્રકારના ચાર્જ બોજા કે લીયનના યા અન્ય કોઈપણ પ્રકારના હકક હિત, અધિકાર કે હકકો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં માં તેમના વાંધા તે અંગેના દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને મોકલી આપવા. તેમા કસુર થયેથી સદરહુ મિલ્કતોમાં હીત ધરાવનાઓએ સદરહુ મિલકત પરત્વેના તેમના તમામ હકક, અધિકાર વેવ કરેલા યા જતા કરેલા હોવાનું માની અમો સદરહુ મિલ્કતનું ટાઈટલ સર્ટીફીકેટ ઈસ્યુ કરીશું. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહિ, તેમજ જો આ દસ્તાવેજો કોઈની પણ પાસે હોય તો મારી મારફતે તેના માલીકને પરત સોંપી દેવા અને તેનો દુર પગલા ભરવામાં ઉપયોગ કરવો નહી . જો કોઈ તેનો દુર ઉપયોગ કરશે તો તેની સામે કાયદેસરના આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**ખોવાઈ ગયેલ રજી. વેચાણ દસ્તાવેજ, રજીસ્ટ્રેશન રસીદ ની વિગત**

| વેચાણ દસ્તાવેજ નંબર | તારીખ | પ્લોટ નંબર |
|---|---|---|
| ૯૯ | ૨૧/૦૧/૨૦૦૩ | ૨૬૮ |

ઓફીસ: ૧૧૯, પહેલો માળ, રાજ કોમ્પ્લેક્ષ, મુ.પો. ચલથાણ, તા.પલસાણા, જિ.સુરત
મો. ૯૮૨૫૮ ૭૦૭૫૩

**ધર્મેશ ટી. કંથારીયા**
એડવોકેટ